# વીર પ્રભુ તુજ દર્શનથી

(રાગ: ઘર આયા મેરા પરદેસી, પ્યાસ બુઝી મેરી અખિયનકી)

વીર પ્રભુ તુજ દર્શનથી, પાપ ગયા મુજ આતમથી (૨)

પુણ્ય પરિણતી જો જાગી, જગપતિ જિન તુજ લય લાગી (૨)

દૂર ન કર પ્રભુ તનમનથી, વીર પ્રભુ તુજ દર્શનથી,

પાપ ગયા મુજ આતમથી, વીર પ્રભુ તુજ દર્શનથી

ગુણ સમૂહથી તુ ભરિયો (૨)

હું છું અવગુણનો દરિયો (૨)

દોષ ટાળ મુજ આતમથી, વીર પ્રભુ તુજ દર્શનથી

પાપ ગયા મુજ આતમથી, વીર પ્રભુ તુજ દર્શનથી

તુ પ્રભુ જગનો તારક છે (૨)

આ જન તારો બાળક છે (૨)

સેવકને જો કરુણાથી, વીર પ્રભુ તુજ દર્શનથી

પાપ ગયા મુજ આતમથી, વીર પ્રભુ તુજ દર્શનથી

તુ શું મુજને નહિ તારે (૨)

હું છું શું તુજને ભારે (૨)

જશ લેને શિવ દઈ જગથી, વીર પ્રભુ તુજ દર્શનથી

પાપ ગયા મુજ આતમથી, વીર પ્રભુ તુજ દર્શનથી

ગૌતમ નીતિ ગુણ બોલે (૨)

દાની નહીં કોઈ તુજ તોલે (૨)

કર પ્રસન્ન દઈ શિવવરથી, વીર પ્રભુ તુજ દર્શનથી

પાપ ગયા મુજ આતમથી, વીર પ્રભુ તુજ દર્શનથી (3)

2016-08-01